શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈધરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈધ શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેધાગ્નિકર્મ, પંચકર્મ, EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ ચોથ બુધવાર 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૮

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# કેન્સરની દવાઓના દસ ગણા ભાવ, સુપ્રીમે કહ્યું 'આ નરસંહાર'



**રૂ. 2,700ની** દવા રૂ.27,000માં: 'દર્દીઓ અને કરદાતાઓ જ પીડાય છે'

**કેન્સરની** દવાના હોસ્પિટલો દસ ગણા ભાવ વસૂલી રહી હોવા અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું, એકસમાન ૧૬ ટકા માર્જીનની હિમાયત કરી

**હોસ્પિટલો** પોતાના કેમિસ્ટ પાસેથી જ દવા ખરીદવા દર્દીઓને દબાણ કરે છે તે બાબતે પણ કશું કરવા સરકારને કહ્યું

**નવી દિલ્હી, તા. 29(PTI):** આ એક પ્રકારનો નરસંહાર છે, મંગળવારે હોસ્પિટલો દ્વારા કેન્સરની દવાઓ પર દસ ગણા વધુ ભાવ વસૂલવા અંગે ચિંતા વ્યક્ત કરતા સુપ્રિમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી અને તમામ દવાઓ પર એકસમાન 16 ટકા માર્જિન રાખવાની હિમાયત કરી હતી.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેંચે કેન્દ્ર સરકારને હોસ્પિટલો દ્વારા તેમના પોતાના કેમિસ્ટ પાસેથી જ દવા ખરીદવાની ફરજ પાડવાના મુદ્દા પર ધ્યાન આપવા જણાવ્યું હતું અને કહ્યું હતું કે આ વ્યવસ્થાના કારણે સામાન્ય માણસ જ પીડાય છે. બેંચે કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને કહ્યું, "આ નરસંહાર છે, સીધો અને સરળ. કેન્સરની દવા છૂટક વિક્રેતાઓને રૂ. 2,700માં મળતી હોવા છતાં તેની MRP રૂ. 27,000 નક્કી કરવામાં આવે છે. કોર્પોરેટ હોસ્પિટલો કોઈને છોડતી નથી. તેઓ મૃતદેહને પણ બહાર લઈ જવા દેતા નથી. ફાર્મા ક્ષેત્રને આની કોઈ પરવા નથી.

બેંચ ડ્રગ્સ (પ્રાઇસ કંટ્રોલ) ઓર્ડર (DPCO), 2013 હેઠળ દવાની કિંમતોનું નિયમન, જેનરિક દવાઓના પ્રિસ્ક્રિપ્શન અને તબીબી સાધનો પરના નિયંત્રણો સંબંધિત અરજીઓની સુનાવણી કરી રહી હતી.

...અનુસંધાન પાના 11 પર

## કાશ્મીરના કઠુઆમાં સીઆઈએસએફ જવાને સાથીઓ પર ગોળીબાર કરતાં 4નાં મોત

**ડ્યુટી** બદલાતી વખતે બોલાચાલી બાદ અવધેશ સિંહે ચલાવી ગોળીઓ; આરોપીની ધરપકડ, કોર્ટ ઓફ ઇન્ક્વાયરીના આદેશ



**શ્રીનગર, તા. ૨૯** જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં સેવા-2 હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટના કેમ્પમાં એક સાથી કર્મચારીએ ગોળીબાર કરતાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટ-રેન્કના અધિકારી સહિત ચાર સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ) જવાનોનાં મોત થયાં છે.

આરોપી સીઆઈએસએફ હેડ-કોન્સ્ટેબલ અવધેશ સિંહની ધરપકડ કરવામાં આવી છે અને આ ઘટના અંગે પોલીસ તથા

...અનુસંધાન પાના 11 પર

## ઈરાનનું ચલણ વિક્રમી નવી નીચી સપાટીએ પહોંચ્યું

**એક** અમેરિકી ડોલર સામે પચ્ચીસ લાખથી વધુ ઇરાની રિયાલનો ભાવ બોલાઇ રહ્યો છે

**અમેરિકી** વિદેશ મંત્રીએ કહ્યું કે ઇરાન આર્થિક વિનાશ તરફ આગળ વધી રહ્યું છે

**તેહરાન, તા. ૨૯:** મંગળવારે ઈરાનની કરન્સી નવા સર્વકાલીન નીચલા સ્તરે ગગડી ગઈ, જેમાં તેહરાનના વેપારીઓ એક અમેરિકી ડોલર સામે ૨૫ લાખથી વધુ રિયાલ આપી રહ્યા હતા.

છેલ્લો ઘટાડો, ૨ સપ્ટેમ્બરના રોજ ઈરાની રિયાલ ૨૨ લાખ પ્રતિ ડોલરના અગાઉના રેકોર્ડને સ્પર્શ્યાના માત્ર ૨૭ દિવસ બાદ આવ્યો છે. ફેબ્રુઆરીમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી આ ચલણ વારંવાર નવી નીચી સપાટીએ પહોંચી રહ્યું છે. દરમિયાન, ઈરાનના ટોચના રાજદ્વારીએ જણાવ્યું હતું કે મહત્વપૂર્ણ હોર્મુઝ સામુદ્રધૂનિના માર્ગને ફરીથી ખોલવાના ઉદ્દેશ્ય સાથે અમેરિકા સાથેની પરોક્ષ વાટાઘાટો વધુ ગંભીર બની છે, જ્યારે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના મુખ્ય પ્રવક્તા જનરલ હોસૈન મોહેબ્બીએ મંગળવારે અમેરિકી નાગરિકોને રસ્તાઓ પર ઉતરીને આ સંઘર્ષનો વિરોધ કરવા અપીલ કરી હતી. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ સોમવારે ફોક્સ ન્યૂઝ પર વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે ઈરાન આર્થિક મહા-વિનાશ તરફ આગળ વધી રહ્યું છે. ટ્રમ્પ તંત્રના અધિકારીઓનું કહેવું છે કે નવા પ્રતિબંધો અને ઈરાની તેલને બજારમાં જતું રોકવા માટે અમેરિકા

...અનુસંધાન પાના 11 પર



## ફ્રાન્સના અનેક શહેરોમાં કામદારોની રેલીઓ

**કરકસરનું** કારણ આપીને ફ્રેન્ચ સરકાર સતત ચોથા વર્ષે કર્મચારીઓને પગાર વધારો આપ્યો નથી

**દેખાવો** દરમ્યાન હિંસાના પણ છૂટાછવાયા બનાવો




**પેરિસ, તા. ૨૯:** ફ્રાન્સમાં વિવિધ શહેરોમાં પગાર વધારા સહિતની માગણીઓ સાથે હજારો કર્મચારીઓ રસ્તા પર ઉતર્યા હતા. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે લગભગ ૧૧ ટકા શિક્ષકો અને શાળા કર્મચારીઓ આ હડતાળમાં સામેલ થયા હતા. ફ્રાન્સમાં શિક્ષકોને અન્ય ઘણા યુરોપીય દેશોના સહકર્મીઓની સરખામણીએ સરેરાશ ઓછો પગાર આપવામાં આવે છે. વ્યવસાયિક અગ્નિશામક લશ્કરો, જેઓ કહે છે કે આ ઉનાળામાં ફાટી નીકળેલી વિશાળ દાવાનળની ઘટનાઓએ સંસાધનોની ગંભીર અછત ખુલ્લી પાડી દીધી છે, તેઓ પણ અસંખ્ય શહેરોમાં યોજાયેલી વિરોધ રેલીઓમાં જોડાયા હતા.

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી

### ચૂંટણી પંચના રિપોર્ટે ખોલ્યા નાણાકીય રહસ્યો

ચૂંટણી પંચને આપવામાં આવેલા પાર્ટીના ફાળા અહેવાલ મુજબ, આમ આદમી પાર્ટી (આપ), જેનું દેશના રાજકારણમાં અચાનક થયેલું આગમન સૌને ચોંકાવી ગયું છે, તેણે વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨.૦૯ કરોડ રૂપિયા દાન મળ્યાની જાહેરાત કરી છે, જે પાછળના વર્ષની સરખામણીમાં ૬૮ ટકાનો ઘટાડો દર્શાવે છે.

ઓડિશાની બીજૂ જનતા દળ (બીજેડી)ને મળેલા ફાળામાં સમાન વર્ષ દરમિયાન ૧૦૦ ટકાનો ઘટાડો થયો હતો, જે બે દાયકા કરતાં વધુ સમય પછી રાજ્યમાં સત્તા બહાર રહ્યાનું તેનું પ્રથમ વર્ષ હતું.

વર્ષ ૨૦૨૫-૨૬માં આપના કુલ જાહેર કરાયેલા ફાળામાંથી બે દાતાઓ - પ્રુડન્ટ ઇલેક્ટોરલ ટ્રસ્ટ અને ટ્રાઇડેન્ટ લિમિટેડ - એ લગભગ આખું દાન આપ્યું હતું, જેમણે પ્રત્યેકે 5-5 કરોડ રૂપિયાનું યોગદાન આપ્યું હતું. પ્રુડન્ટ ઇલેક્ટોરલ ટ્રસ્ટએ પક્ષો માટેના મુખ્ય દાતાઓમાંનું એક છે, જેને અગાઉના વર્ષોમાં ભારતી, તાતા ગ્રુપ, જિંદાલ

...અનુસંધાન પાના 11 પર

## સીઇસી જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માગ કરતી અરજીની સુનાવણી કરવા સુપ્રીમ સંમત

**પટનાના** એક નાગરિક દ્વારા કરવામાં આવેલી અરજીમાં ચૂંટણી પંચની કાર્ય પદ્ધતિને પણ પડકારવામાં આવી છે

**સુપ્રીમ** કોર્ટ આ અરજીને સુનાવણી માટે આવતા સપ્તાહમાં સૂચિબદ્ધ કરશે

**નવી દિલ્હી, ૨૯ સપ્ટેમ્બર (પીટીઆઈ):** મંગળવારે સુપ્રીમ કોર્ટે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારને નિલંબિત કરવાની અને તેમની આગેવાની હેઠળના ચૂંટણી પંચે બે ચૂંટણી કમિશનરોની મંજૂરી વિના કથિત રીતે નિર્ણયો લીધા હોવાની રીતને પડકારતી જાહેર હિતની અરજી પર આગામી સપ્તાહે સુનાવણી કરવા સંમતિ આપી છે.

આ બાબતનો ઉલ્લેખ ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી તથા જસ્ટિસ વી. મોહનાની ખંડપીઠ સમક્ષ કરવામાં આવ્યો હતો. બાબતનો ઉલ્લેખ કરતા વરિષ્ઠ એડવોકેટ વિકાસ સિંહે ખંડપીઠને જણાવ્યું હતું કે વૈધાનિક યોજના મુજબ, બહુ-સદસ્યીય ચૂંટણી પંચના નિર્ણયો સર્વાનુમતે અથવા બહુમતીથી લેવાના હોય છે. તેમણે રજૂઆત કરી હતી કે, ચૂંટણી પંચ જે રીતે કામ કરી રહ્યું છે, તેને જોતાં નિર્ણયો સર્વાનુમતે લેવાય છે કે કેમ તે અંગે ગંભીર શંકા છે. ચીફ જસ્ટિસે કહ્યું, અમે આવતા અઠવાડિયે આ કેસને સૂચિબદ્ધ કરીશું.

પટનાના નિવાસી રાકેશ કુમાર સિંહ દ્વારા દાખલ કરાયેલી PILમાં સર્વોચ્ચ અદાલતને વિનંતી કરવામાં આવી છે કે CEC કુમાર વ્યક્તિગત રીતે એવી સત્તાઓનો ઉપયોગ કરી રહ્યા છે કે જે કાનૂની રીતે સમગ્ર ચૂંટણી પંચની છે કે નહીં તે નક્કી કરવામાં આવે, અને જો તેમ હોય તો, તે કાર્યોને અનધિકૃત જાહેર કરવામાં આવે તથા યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં આવે. અરજીમાં વધુમાં કહેવાયું છે કે, ચૂંટણી પંચના બહુ-સદસ્યીય સ્વરૂપને પુનઃસ્થાપિત કરવા માટે વર્તમાન અરજીની આખરી સુનાવણી પેન્ડિંગ હોય ત્યાં સુધી પ્રતિવાદી નંબર ૩ને ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કામ કરતા નિલંબિત કરવા જોઈએ. આ અરજીમાં કેન્દ્રીય કાયદા મંત્રાલય, ચૂંટણી પંચ, CEC કુમાર, કમિશનરો સંધૂ અને જોશી તથા પંચના વરિષ્ઠ અધિકારી મનીષ ગર્ગને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

## વોટ ચોરી બદલ વડાપ્રધાન, સીઈસીના રાજીનામાની કોંગ્રેસની માગણી

**કોંગ્રેસ** કારોબારીની મળેલી બેઠકમાં ઠરાવ પસાર કરાયો: ચૂંટણી પંચ સ્વતંત્ર બંધારણીય સંસ્થા તરીકે ફરી સ્થાપિત નહીં થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શનો થશે



**નવી દિલ્હી, તા. 29(PTI):** વોટ ચોરીના આક્ષેપો પર પોતાના વલણને વધુ આક્રમક બનાવતાં, કોંગ્રેસે મંગળવારે જાહેરાત કરી હતી કે જ્યાં સુધી ચૂંટણી પંચ(EC) એક સ્વતંત્ર બંધારણીય સંસ્થા તરીકે "પુનઃસ્થાપિત" ન થાય ત્યાં સુધી તે સંસદ, અદાલતો અને રસ્તાઓ પર પોતાનો વિરોધ તેજ કરશે. આ સાથે જ કોંગ્રેસે ચૂંટણીઓમાં મેચ-ફિક્સિંગ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે.

ઈન્ડિયા ગઠબંધનની બેઠકના આગલા દિવસે અઢી કલાક સુધી ચાલેલી વિચારણા બાદ, કોંગ્રેસ કારોબારી સમિતિ(CWC)એ એક પ્રસ્તાવ પસાર કરીને ચાર મુખ્ય માંગણીઓ રજૂ કરી હતી. જેમાં મતદાર યાદીઓની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) પ્રક્રિયા પર તાત્કાલિક રોક લગાવવાની અને આ કવાયત દ્વારા જે 13.3 કરોડ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે તેમને પુનઃસ્થાપિત કરવાની માંગ સામેલ છે. પ્રસ્તાવમાં જણાવવામાં

...અનુસંધાન પાના 11 પર

### આજે ઇન્ડિયા બ્લોકની બેઠક: સીઈસી સામે મહાભિયોગ નોટિસ એજન્ડા પર

**નવી દિલ્હી, તા. 29 (PTI):** ચૂંટણી પંચના નિર્ણય લેવાની પ્રક્રિયાને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે વિપક્ષી જૂથ એક થઈ રહ્યું છે, ત્યારે એસઆઈઆર કવાયતમાં કથિત ગેરરીતિઓ અંગે સંયુક્ત આંદોલન માટેની કાર્ય યોજનાને આખરી રૂપ આપવા અને મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવા માટે ઇન્ડિયા બ્લોકના

...અનુસંધાન પાના 11 પર

## ગોલ્ડી બ્રારને FBIએ અમેરિકાના ૧૦ મોસ્ટ વૉન્ટેડની યાદીમાં મૂક્યો

**ભારતીય** મૂળના આ ગેંગસ્ટરની માહિતી આપનાર માટે ૧૦ લાખ ડોલરનું ઇનામ પણ જાહેર કર્યું



**વોશિંગ્ટન, તા. ૨૯(પીટીઆઈ):** એફબીઆઈએ ગેંગસ્ટર સતિન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બ્રારને તેના 'દસ મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓ'ની યાદીમાં સામેલ કર્યો છે અને તેની ધરપકડ તરફ દોરી જાય તેવી માહિતી આપનાર માટે ૧૦ લાખ અમેરિકી ડોલરના ઈનામની જાહેરાત કરી છે.

ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (FBI) એ સોમવારે જણાવ્યું હતું કે, સતિન્દરજીત સિંહ 'લોરેન્સ બિશ્નોઈ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ગ્રુપ'માં તેની કથિત સંડોવણી માટે વોન્ટેડ છે, જે સધર્ન કેલિફોર્નિયા તેમજ સમગ્ર અમેરિકા અને કેનેડામાં વિવિધ હિંસક પ્રવૃત્તિઓમાં કથિત રીતે સંકળાયેલું છે. તપાસ એજન્સીએ ચેતવણી આપી હતી કે સિંહને હથિયારધારી, ખતરનાક અને ભાગી જવાની ક્ષમતા ધરાવતો ગણવો જોઈએ. એફબીઆઈએ જણાવ્યું હતું કે સિંહ રાજકીય અને ધાર્મિક હસ્તીઓની હત્યાઓ, ગોળીબાર, ખૂન, અપહરણ, ખંડણી વસૂલી, હુમલા ઉપરાંત નશાકારક પદાર્થો તથા શસ્ત્રોની તસ્કરીમાં કથિત રીતે સંકળાયેલો છે. સિંહ અમેરિકામાં રહે છે અને ઉત્તર અમેરિકામાં આ ગ્રુપનો કથિત લીડર છે.

ફર્સ્ટ આસિસ્ટન્ટ યુએસ એટોર્ની બિલ એસાઈલીએ જણાવ્યું હતું કે, એફબીઆઈની મોસ્ટ વોન્ટેડ ભાગેડુઓની ટોપ ટેન યાદીમાં આ આરોપીનો સમાવેશ આંતરરાષ્ટ્રીય ગુનાહિત ગેંગો સામે કાયદાનું સંપૂર્ણ બળ પ્રયોગ કરવાના આ વહીવટીતંત્રના નિશ્ચયને દર્શાવે છે. "કેનેડા, યુરોપ અને એશિયાની કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે મળીને કામ કરીને, અમે 'ગોલ્ડી બ્રાર' જેવા ગુંડાઓનો પીછો કરવાનું ચાલુ રાખીશું અને એ સુનિશ્ચિત કરીશું કે તેઓ ફરી ક્યારેય જેલની બહાર ન જોઈ શકે." એમ તેમણે જણાવ્યું હતું.

## સુરત સહિત 50 શહેરો 'સ્વચ્છતા'ના રોલ મોડેલ તરીકે પસંદ કરાયાં

**સ્વચ્છ** ભારત મિશન અંતર્ગત 'પ્રગતિ-50'ની જાહેરાત; અમદાવાદ, મુંબઈ અને દિલ્હી સહિત 24 રાજ્યોના 50 શહેરોની પસંદગી

**નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ):** લક્ષિત અને ટેક્નોલોજી સક્ષમ દેખરેખ દ્વારા 'સ્વચ્છતા'ના ઉચ્ચ માપદંડ પ્રદર્શિત કરવા માટે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની પ્રગતિ-50 પહેલ અંતર્ગત 50 શહેરોની પસંદગી કરવામાં આવી છે, જેમાં દિલ્હી, મુંબઈ, સુરત, ગુરુગ્રામ, જમ્મુ, બેંગલુરુ અને ભોપાલનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતો (એચયુએ)ના મંત્રી મનોહર લાલે જણાવ્યું હતું કે, આ 50 શહેરો નિયમિત સફાઈ કામગીરીથી આગળ વધીને અને દૃશ્યમાન સ્વચ્છતાના ટકાઉ તથા ઉચ્ચ-પ્રદર્શનના ધોરણો પ્રદર્શિત કરીને દેશના બાકીના ભાગો માટે સ્વચ્છ રોલ મોડેલ શહેરો તરીકે ઊભરી આવશે.

એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું હતું કે, આ પહેલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 51મી પ્રગતિ (પ્રોએક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લીમેન્ટેશન) બેઠક દરમિયાન આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાનમાં શરૂ કરવામાં આવી છે અને તે સ્વચ્છ ભારત મિશન-અર્બન 2.0 હેઠળ લાગુ કરવામાં આવી રહી છે.

આ પહેલ હેઠળ પસંદ કરાયેલાં 50 શહેરોમાં અમદાવાદ, ફરીદાબાદ, શિમલા, જમ્મુ, બેંગલુરુ, ઉજ્જૈન, ભોપાલ, દિલ્હી, મુંબઈ, સુરત, ગુરુગ્રામ અને ઈન્દોર પણ સામેલ છે. જેમાં 24 રાજ્યોનાં શહેરોને આવરી લેવામાં આવ્યાં છે.

નિયમિત દેખરેખ અને માર્ગદર્શન માટે એચયુએ મંત્રાલયના અધિકારીઓને ચોક્કસ શહેરો સોંપવામાં આવશે.

...અનુસંધાન પાના 11 પર

### તા. ૨૯-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૯૮૩ મીમી |
| ઉકાઈ | સપાટી આજની 33૭.૧૮ ફૂટ | આઉટફ્લો ૬૧૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.૮ સે. | ૨૫.૧ સે. | ૬૯% |